## <u>શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ:</u>

- **Virtual Science Fair** માં ભાગ લેવા બદલ રાજ ધ્રુવીકુંવરબા, પટેલ નેહા યોગેશકુમાર, માર્ગદર્શક શિક્ષક વંદનાબેન ભાભોર, તથા પટેલ વેદ પંકજભાઇ (ધો : ૯અ), લલ્લુવાડીયા ઓમ હરેશભાઇ (ધો : ૯ અ) વિજ્ઞાન મેળામાં "ગતિશીલ રમકડાં પ્રેઝન્ટેશન" માર્ગદર્શક શિક્ષક કિરણભાઇ.
- મોબાઇલ ટુ સ્પોર્ટસ અંતર્ગત લગ્નગીત સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ તૃતીય સ્થાન મેળવી **રૂા. ૧૦ હજારનું** ઇનામ મેળવેલ વિદ્યાર્થીઓ કટારીયા ક્રિશા, બેરાવાલા સાક્ષી, ટેલર ધ્રુવી, રાણા પંક્તિ, વ્યાસ તીર્થ
- **NCERT** આયોજીત કલા ઉત્સવમાં પંડયા ક્રિષ્ના (સતત બીજી વાર) ગુજરાત રાજયમાં વાદ્યશાસ્ત્રીય શૈલી સંગીતમાં બીજા ક્રમે વિજેતા.
- **National Children's Science Congress** માં રાજય કક્ષાએ રાજ અભિરાજ હરિકૃષ્ણ Plastic Construction તથા માર્ગદર્શક શિક્ષક કુસુમબેન માવર. જીલ મહેતા (ધો ૬ અં.મા ) તથા માર્ગદર્શક શિક્ષક વિદ્યાબેન રાણા (મુખ્ય સુપરવાઆઝર અંગ્રેજી માદયમ) પ્રેક્ષાબેન (ધો : ૭ ગુ.મા.), તથા માર્ગદર્શક શિક્ષક ધ્વનીબેન સીગ આદિત્ય અનિલભાઇ (૧૦ અં.મા) તથા માર્ગદર્શક શિક્ષક એલ ડી ભારદ્વાજ ભાગ લેવા બદલ,
- ગ્લોબલ લેવલ કરુણા નિબંધ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવનાર ક્રિશા રાઠોડ તથા માર્ગદર્શક શિક્ષક ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ.
- **NCSC** રાજય કક્ષાએ સારું પ્રદર્શન કરવા બદલ
- રાજ ધ્રુવી SSC બોર્ડ પરીક્ષામાં સમગ્ર ગુજરાત રાજયમાં ૧૦,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૭૫મું સ્થાન મેળવી **રૂા. ૧૦ હજાર** ઇનામ મેળવવા બદલ અને શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક પ્રવૃતિમાં ભાગ લેવા બદલ.
- મિસ્ત્રી દિશા જીગ્નેશભાઇ (૧૨ સાયન્સ) GCERT કલા ઉત્સવ નિબંધ લેખનમાં રાજય કક્ષાએ ભાગ લેવા બદલ.
- બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડથી પંડયા ક્રિષ્ના પ્રકાશભાઇ (ધો : ૧૨ કોમર્સ) સન્માનિત કરવામાં આવ્યા.
- પ્રજાપતિ પૂર્વા બેન ઝોન કક્ષાએ વક્તૃત્વમાં તૃતીય સ્થાન મેળવવા બદલ.
- પટેલ યેશા દોહા છંદ ચોપાઇ ઝોન કક્ષાએ તૃતીય સ્થાન મેળવવા બદલ.
- યોગીનીબેન વસાવા વિદ્યાર્થીઓને યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં યોગ્ય માર્ગદર્શન આપવા બદલ.
- શીલાબેન કરમોકર બીજી આંતરરાષ્ટ્રીય યોગા ચેમ્પિયનશીપમાં ભાગ લેવા બદલ.

Keep encouraging your child to shine out in life

### ❖ <u>મહેમાનશ્રીઓના પ્રતિભાવો</u>

➢ **શ્રી મહેશભાઇ પટેલ** (ડાયરેકટર, વિદ્યાકુંજ કેમ્પસ, **FRC** કમિટીના સભ્ય)

- વિદ્યાર્થીઓની નજર ચાતકપક્ષી જેવી હોવી જાઇએ. તે હંમેશા ઊંચે (લક્ષ્ય તરફ) જોયા કરે.
- વિદ્યાર્થીઓ ઊર્જાથી ભરપૂર હોવા જાઇએ, સમય/સેકન્ડને મૂઠ્ઠીમાં ભરી દો, સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરી ધારેલું પરિણામ મેળવી શકાય છે.
- ટકાવારી અને મૂલ્ય અલગ છે. ટકાવારીની સાથે મૂલ્યોનું ઘડતર પણ જરૂરી છે.
- જીવનમાં આગળ વધવા માટે મૂલ્યો મહત્વનાં છે તે તમને જીવનમાં આગળ વધવા માટે મદદ કરશે.
- પરીક્ષા સમયે વિદ્યાર્થીએ નાસીપાસ ન થવું ધીરજ અને મનને શાંત રાખવા.

➢ **શ્રી બળદેવભાઇ જી. પ્રજાપતિ** (સંઘચાલક **RSS** <u>વડોદરા અને રાષ્ટ્રીય અધ્યક્ષ લઘુઉદ્યોગ ભારતી)</u>

- સખત મહેનત કરી જીદંગીમાં આગળ વધી શકાય.
- વિદ્યાર્થી પોતાના **Vision** અને **Mission** ધ્યાનમાં રાખે તો તે કયાંક પાછા ન પડે.
- ચાર વર્ષ મહેનત કરી ૪૦ વર્ષ શાંતિથી અને આનંદથી પસાર કરવા હોયતો ધ્યેયને પકડી રાખવું પડે.
- દરેક વ્યકિતમાં હુન્નર હોય છે. ભારતનો દરેક વ્યકિત ઉધમી છે.
- પોતાના કૌશલ્યોનો ઉપયોગ દેશના વિકાસ માટે કરવો.
- ઉચ્ચ અને શ્રેષ્ઠ પરિણામ મેળવવા વિદ્યાર્થીએ સખત મહેનત કરવી પડે.

"उद्यमेन ही सिध्यन्ति कार्याणि न मनोरथे।
नहि सुप्तस्य सिहस्य प्रविशन्ति मुखे मृगा ।।"

➢ **શ્રી અજયભાઇ વ્યાસ** (પ્રાંતમંત્રી, દ.ગુ., વિહિપ)

- ભરૂચ એ મહાપુરુષોની ભૂમિ છે તેવી પવિત્ર ભૂમિ પર આપ સર્વ વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ રહ્યાં છો.
- શ્રધ્ધા, સ્વાવલંબન, સંસ્કાર અને સમર્પણ એ માનવીય મૂલ્ય છે.
- માનવજીવનનું બંધારણ તેના સંસ્કારો છે. સખત મહેનત કરી આવનારી ચેલેન્જને પાર કરી શકાય.

**"પીચ પર ટકીશું તો રન મળશે જ"**

➢ **શ્રી હેમંતભાઇ પ્રજાપતિ** (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ.)

- ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરી આગળ વધવું.
- આ શાળામાં ભૂતકાળમાં જે વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી ગયા છે.જે સારા હોદ્દા પર કાર્ય કરે છે તેઓ પ્રસાંગોપાત શાળાના કાર્યક્રમમાં ઉપસ્થિત થતા હોય છે. જેશાળા માટે ગૌરવની બાબત છે.
- ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ખૂબ મહેનત કરી ઉચ્ચ પરિણામ મેળવે તેવી શુભેચ્છા. વિદ્યાર્થીઓના દિક્ષાંત સમારોહનું સમાપન વિદ્યાર્થીના હસ્તે દીવડાં આપી શાંતિ મંત્ર તથા સંકલ્પ લેવડાવી કરવામાં આવ્યું.
- આ કાર્યક્રમનું સંચાલન ડાયરેકટરશ્રી અને પ્રિન્સિપાલશ્રી ડૉ.ભગુભાઇ આઇ. પ્રજાપતિ અને ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ ચીમનભાઇ પરમાર, વિદ્યાબેન રાણા, અને ઉર્વશીબેન જાની દ્વારા કરવામાં આવ્યું.

**૫/૩/૨૨** **સુંદરકાંડ :** શાળામાં આધ્યાત્મિક વાતાવરણ બને અને વિદ્યાર્થીઓ, વાલીગણ તથા શિક્ષકગણ સૌને માનસિક શાંતિ અને બળ પ્રાપ્ત થાય તથા શાળામાં ભકિતમય ભાવાવરણનું સર્જન થાય તે હેતુથી શાળાનાં પટાંગણમાં સુંદરકાંડ પઠનનું આયોજન સાંજે ૫:૦૦ કલાકે કરવામાં આવ્યું. સુંદરકાંડનાં પાઠક **શ્રી સંદિપકુમાર પુરાણી** અને વૃંદ દ્વારા સુંદરકાંડની રમઝટ જામી. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રીમતિ **મંદાબેન પ્રજાપતિ** ઉપસ્થિત રહયા. શાળાના શિક્ષકો સહિત સોસાયટીના રહીશોએ કાર્યક્રમને માણ્યો.




**૧૬/૩/૨૨** **ડૉ. પી.કે.કેશપ**ની ઉપસ્થિતિમાં સમગ્ર શાળા પરિવાર સાથે વાર્તાલાપ યોજાયો, જેમાં હેડ કલાર્ક શ્રી હસમુખભાઇ સુતરીયા ને જન્મદિવસ ની શુભેચ્છા પાઠવવામાં આવી.

**૧૯/૩/૨૨** **નાટ્યદીપોત્સવઃ** શાળાના વિદ્યાર્થીઓમાં નાટયકલાનો વિકાસ થાય તે હેતુથી ધો - ૬ થી ૧૧ ના કુલ ૧૨ નાટકો શાળાના પટાગંણમાં યોજાયા.જેમાં મુખ્ય મહેમાનઃ **શ્રી પ્રો.પી.કે.કેશપ** (ઇન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર અને રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ વિજેતા, લાઇફ ટ્રાન્સફોર્મેશન કેરિયર કાઉન્સેલર, સ્પીકર, રાઇટર), **પ્રો. ડૉ.મહિપતસિંહ રાઉલજી** (નિવૃત પ્રાધ્યાપક, પ્રવૃત નાટયકાર અને લેખક, અધ્યક્ષ ગુજરાતી વિભાગ એમ.કે.કોમર્સ કોલેજ ભરૂચ) **પ્રો.ડૉ.સુહાસબેન ડાભી** (જે.પી.આર્ટસ & સાયન્સ કોલેજ, સારસ્વત એવોર્ડ વિજેતા, સાહિત્ય એકેડમી પારીતોષિક વિજેતા) **પ્રો.ડૉ.સોનલબેન કુલકર્ણી** (નિવૃત પ્રધ્યાપિકા, પ્રવૃત નાટયકાર, પ્રસિધ્ધ નાટ્યવિદ્ ભૂ.પુ. ડીન પરફોર્મિંગ આર્ટસ એમ.એસ. યુનિ. વડોદરા).